## એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, અમદાવાદ.

ક્રિમી.કેસ નં.૬૭૫૦૧/૨૦૨૦

### આંક:-૦૧ અન્વયે હુકમ

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૧)** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતા, સી.આર.પી.સીની કલમ-૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂઘ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ઘ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સીની કલમ - **૧૮૮ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા એપેડમીક ડિસીઝ એકટ કલમ-૩** મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)**સી.આર.પી.સી.કલમ-૧૯૫ મુજબ...''આઈ.પી.સી.ની કલમ-૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી...'' એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.- એપેડમીક ડિસીઝ એકટ કલમ-૩ મુજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સીની કલમ-૧૮૮ મુજબના ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરુઘ્ધ ગુજરાત રાજય ના કેસમાં તારીખ-૦૯/૧૨/ /૨૦૦૩ ના ચુકાદામાં ''આઈ.પી.સીની કલમ- ૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.'' **-** કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમા પોલીસ વોરંટ વગર આરોપીની ઘરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સીની કલમ-૧૯૫ માં આ સામાન્ય જોગવાઈમાં કલમ-૧૯૫ થી સામાન્ય બાધ(અપવાદ) કરવામાં આવેલ છે તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી.ની કલમ-૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સીની કલમ-૧૯૫ ની ફરજીયાત જોગવાઈ નો બાધ નડે નહી તેવું માની શકાય નહીં.

**(૪)** નામદાર સુપ્રિમકોર્ટ,..... (૧) એમ.એસ.અહલ્લાવત વિરુઘ્ધ હરિયાણા એ.આઈ.આર.૨૦૦૦(સુ.કો.) પેજ નં.૧૬૮,(૨) દોલતરામ વિરુઘ્ધ પંજાબ રાજય એ.આઈ.આર. ૧૯૬૨ (સુ.કો.) પેજ નં.૧૨૦૬,(૩) બબીતાલીલા વિરુઘ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા એસ.એલ.પી.(ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરુઘ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે .... (૧) બેચરવાલા વિરુઘ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરુઘ્ધ

ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં. ૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં. ૧૭૨૮૬/૨૦૧૭, (૪)ગોવરર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮ (૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમા એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, ***The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction.*** નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે HLA SHWE Vs. State of Maharastra ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુંકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, **"*We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report.*"**તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોટે શાહીદખાન વાહીદખાન પઠાણ વિરુધ્ધ ગુજરાત રાજય ક્રીમીનલ મીસીલન્સ નંબર ૧૭૪૭૩/ ૨૦૨૦, તારીખ ૧૪/૬/૨૦૨૧ માં કરવામા આવેલ અવલોકન તેમજ ગુજરાત સરકારશ્રીના કાયદા વિભાગના તારીખ ૧૫/૬/૨૦૨૧ ક્રીમીનલ રવીઝન અરજી નંબર ૧૨૫ /૨૦૨૦ના પત્ર પણ ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) નામદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરુધ્ધ દિલ્લી રાજય ૨૦૦૧(૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧, નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંધલ સરમણ જાડેજા વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯ (૨) જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ તેમજ નયન હરીશભાઈ કનખરા વિરુધ્ધ ગુજરાત રાજય ના ચુંકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સીની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સીની કલમ–૧૯૫ છે અને આવા ગૂન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, ચાર્જશીટ ધ્યાને લેતા જે રીતે અને જે પ્રમાણે ગુનો બનેલ હોવાનુ દર્શાવેલ છે તેના સંજોગો,ગુનાની વિષય વસ્તુ જાહેરનામાં ધ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી આથી આવા ગુનાઓને સી.આર.પી.સીની કલમ–૧૯૫ નો સ્પષ્ટ બાધ નડે છે હાલના કેસમાં સક્ષમ ઓથોરીટી ધ્વારા સી.આર.પી.સીની કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી પોલીસે સી.આર.પી.સીની કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આર. નોંધી અને અદાલતમાં ચાર્જશીટ કરેલ છે જેનો સમાવેશ ફરીયાદમાં થતો નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલ છે. આ ઉપરાંત સી.આર.પી.સીની કલમ–૧૯૫ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨– ૧૩/૨૦૧૭ તારીખ–૨૯–૦૭–૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે.આમ જયારે સક્ષમ ઓથોરીટી ધ્વારા સી.આર.પી.સીની કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ ના હોય, સી.આર.પી.સીની કલમ–૧૯૫ નું સ્પષ્ટ બાધ નડતો હોય, ગુનાઓ જયારે અલગ કરી શકાય તેવા ના હોય એટલે કે સ્પલીટ કરી શકાય તેવા ના હોય એક બીજા સાથે કનેકટેડ ગુના હોય સ્વત્રંત ગુનાને અલગ કરી શકાય તેમ

ના હોય આમ છતા જો આવી વ્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વિહીન સમગ્ર કાર્યવાહી બને છે અને સી.આર.પી.સીની કલમ ૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસર્તાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે ***void abinitio*** બને છે આથી– નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરુઘ્ધ આંઘ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુઘ્ધ ગુજરાત રાજય ૨૦૧૮ (૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરુઘ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો–જનરલ ૨૨૪૫ (સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ઘ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: <u>હુ ક મ</u> :::**

–સી.આર.પી.સીની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુઘ્ધ આઈ.પી.સીની કલમ**–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એપેડમીક ડિસીઝ એકટની કલમ–૩** મુજબ ના ગુન્હાની <u>કાર્યવાહી બંઘ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે</u>.

– અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સીની કલમ–૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૧/૦૯/૨૦૨૧
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩